પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૨ | ૨ નવેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાહુલના રોડ-શોમાં મેદની ઉમટી

**નોટબંધી અને જીએસટીએ લોકોને બરબાદ કરી નાંખ્યા : મોદીનું ગુજરાત મોડેલ સંપૂર્ણપણે ફ્લોપ : ગુજરાતમાં અંડરકરંટનો માહોલ છે, જે કરંટ ચૂંટણીમાં ભાજપને લાગવાનો છે : રાહુલ**



અમદાવાદ,તા. ૧

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઇ દક્ષિણ ગુજરાતના પોતાના ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રવાસે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે જંબુસર સહિતના સ્થળોએ યોજેલી જાહેરસભામાં ફરી એકવાર મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, નોટબંધી અને જીએસટીએ લોકોને બરબાદ કરી નાંખ્યા છે અને સમગ્ર દેશની અર્થવ્યવસ્થા નષ્ટ કરી નાંખી છે. રાહુલે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીની સેફ્ટીથી ચીનમાં લોકોને રોજગારી મળી રહી છે. રાહુલે વર્લ્ડ બેંકની રેંકિંગમાં ભારતની સ્થિતિમાં આવેલા ઉછાળા પર ખુશખુશાલ રહેલી કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર ક્યા હતા. રાહુલે મેક ઈન ઈન્ડિયા ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, આનાથી દેશના યુવાનોને વધારે રોજગાર મળી રહ્યા નથી. વિજય માલ્યા જેવા ડિફોલ્ટરો વિદેશમાં મોજ કરે છે અને અહીં ખેડૂતો, મજૂરો, નાના દુકાનદારો, વેપારીઓ, મધ્યમવર્ગ નોટબંધી અને જીએસટીનો માર સહન કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### ન્યુયોર્કમાં ટ્રક ચાલકે ૮ને કચડયા

વધતા જતા આતંકી હુમલાઓની વચ્ચે ન્યુયોર્કમાં એક ટ્રક ચાલકે ભરચક રસ્તા વચ્ચે ટ્રક ચલાવી આઠ લોકોને કચડયા હતા. આ હુમલાનો શંકાસ્પદ ઝડપી લેવાયો છે.

### અહેમદ પટેલના નજીકના ઉદ્યોગપતિની ધરપકડ

અહેમદ પટેલની નજીક ગણાતા ઉદ્યોગપતિ ગગન ધવનની એન્ફોર્સમેન્ટ વિભાગે ધરપકડ કરી છે. ૫૦૦૦ કરોડના નાણાં કૌભાંડમાં તેઓની સંડોવણીની શંકા છે.

### પ્રમુખ અઢીયા નાણાં સચિવ બની શકે

રેવન્યુ સેક્રેટરી હસમુખ અઢીયાની જવાબદારી બદલાઈ શકે છે. તેઓને નાણાં સચિવ બનાવવા હિલચાલ કરવામાં આવી રહી છે.

### દેશમાં પહેલી વખત ડેંગ્યુનો નવો વાયરસ

દેશમાં પહેલી વખત ડેંગ્યુના નવા વાયરસની સ્પષ્ટતા થવા પામી છે. પૂણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજીના વૈજ્ઞાનિકોએ આ વાયરસને અત્યંત ગંભીરતાથી ધ્યાન પર લઈ તેના વિશે જાણકારી મેળવવા ભરપૂર પ્રયાસો કર્યા હતા.

## સબસિડીવાળા સિલિન્ડરની કિંમતમાં ૪.૫૦નો વધારો

**આંતરરાષ્ટ્રીય કિંમતોને ધ્યાનમાં લઇ નિર્ણય થયો : બિન સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૯૩નો વધારો**

નવીદિલ્હી,તા. ૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો ઉપર વધુ બોજ ઝીંકાઈ ગયો છે. કારણ કે, તેલ કંપનીઓએ આંતરરાષ્ટ્રીય કિંમતોને ધ્યાનમાં લઈને સિલિન્ડર ગેસની કિંમત ૯૩ રૂપિયા સુધીનો વધારો કરી દીધો છે. સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૪.૫૦ રૂપિયા સુધીનો વધારો થઈ ગયો છે.

સ્થાનિક રાંધણગેસના સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમત હવે ૪૯૫.૬૯ રૂપિયા થશે. જુલાઈ ૨૦૧૬માં સરકારે દર મહિને કિંમત વધારીને ગેસ સિલિન્ડર પર સબસિડીને ખતમ કરવાના નિર્ણય બાદ આ સિલિન્ડરની કિંમતમાં ૧૯મી વખત વધારો થયો છે. જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ કંપનીઓના જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, એટીએફની કિંમતમાં પણ બે ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ઓગસ્ટ મહિના બાદથી હજુ સુધી તેની કિંમતમાં ચોથી વખત વધારો કરાયો છે. સબસિડી વગરના ગેસ સિલિન્ડરની કિંમતમાં ૯૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે જેથી તેની કિંમત ૭૪૨ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે. આ અગાઉ પહેલી ઓક્ટોબરના દિવસે તેની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો જેથી તેની કિંમત વધીને ૬૪૯ રૂપિયા થઈ હતી. અત્રે નોધનીય છે કે, ગયા વર્ષે સરકારે જાહેર ક્ષેત્રોની પેટ્રોલિયમ કંપનીઓને દર મહિને કિંમત વધારવા માટે કહ્યું હતું જેથી આગામી વર્ષે માર્ચ સુધીમાં સબસિડીને ખતમ કરી શકાય. આ નીતિને અમલી કરવામાં આવ્યા બાદથી હજુ સુધી એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૭૬.૫૧ રૂપિયાનો વધારો કરવામાં આવી ચુક્યો છે.

## કલંકિતોના ચૂંટણી લડવા પર પ્રતિબંધની માંગ

**કલંકિત નેતાઓની સુનાવણી માટે સ્પેશિયલ કોર્ટ બનાવવાનો આદેશ : ચૂંટણી પંચ દ્વારા સુપ્રીમ કોર્ટમાં માંગ કરવામાં આવી : મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઇને સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ કોર્ટમાં સુનાવણીની સ્પષ્ટ વાત કરી**

નવી દિલ્હી,તા. ૧

દેશની સૌથી મોટી કોર્ટમાં ચૂંટણી પંચે હવે કલંકિત નેતાઓની સુનાવણી માટે સ્પેશિયલ કોર્ટ બનાવવાની માંગ કરવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે આને લઈને સહમતી દર્શાવી છે. સર્વોચ્ચ અદાલતમાં ચૂંટણી પંચે કલંકિત નેતાઓમાં સાંસદો અને ધારાસભ્યોની ચૂંટણી લડવા ઉપર આજીવન પ્રતિબંધ મુકવાની તરફેણ કરી છે. ચૂંટણીપંચે આજે એક અરજી દાખલ કરી હતી. જેના ઉપર સુનાવણી દરમિયાન પોતાના જવાબમાં ચૂંટણી પંચે કહ્યું હતું કે, સજા હેઠળના સાંસદો અને ધારાસભ્યોને ચૂંટણી લડવાની મંજુરી મળવી જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટે પણ આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્પેશિયલ કોર્ટમાં આ કેસોની સુનાવણીની વાત કરી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કલંકિત નેતાઓની કેસની સુનાવણી માટે સ્પેશિયલ કોર્ટ બનાવવાની જરૂર છે. આમા કેટલો સમય લાગશે અને કેટલા નાણાની જરૂર પડશે તે છ સપ્તાહની અંદર દર્શાવવા માટે પણ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું. પહેલા કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, અમે સ્પેશિયલ કોર્ટ માટે તૈયાર છીએ પરંતુ આ

● અનુસંધાન પાન-૫ પર

## કેન્દ્ર સરકાર જજોનો પગાર વધારવાનું ભૂલી ગઈ છે ? : સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા. ૧

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ગુરૂવારે પૂછ્યું કે સરકાર જજોનો પગાર વધારવાનું ભૂલી ગઈ છે કે શું? કોર્ટે કહ્યું કે જજોનો પગાર સાતમું પગારપંચ લાગૂ થયા પછી પણ અમલદારોનાં પગાર કરતા પણ ઓછો છે. ઉચ્ચ ન્યાયાલયનાં સ્ટાફ અને અધિકારીઓનાં વૉશિંગ અલાઉંસ પાસ કરવા માટેની અપીલ પર સુનવણી કરતા સમયે સુપ્રિમ કોર્ટે આવી ટિપ્પણી કરી હતી.

જસ્ટિસ એસ અબ્દુલ નઝીર અને જસ્ટિસ જે ચેલેશ્વરે અપીલ પર સુનવણી કરતા સૉલિસિટર જનરલ પી એસ નરસિમ્હાને પૂછ્યું, 'સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટનાં જજોનાં પગાર વિશે તમારો શું વિચાર છે? સાતમાં પગારપંચ લાગૂ કર્યા પછી કેન્દ્ર સરકારના અધિકારીઓનો પગાર જે રીતે વધ્યો છે તેની સરખામણી પ્રમાણે જજોનો પગાર નથી વધ્યો.'

જજોનો પગાર વધારવા માટેનો પ્રસ્તાવ માર્ચ મહીનામાં જ પસાર કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યારથી અત્યાર સુધી પગાર વધારાની પ્રક્રિયા આગળ નથી વધી શકી. તમને જણાવી દઈએ કે જજોનાં પગાર વધારાનાં બિલ સાંસદમાંથી પાસ થાય ત્યારબાદ જ તેમના પગારમાં વધારો થવો શક્ય છે. સાતમાં પગારપંચ લાગૂ થયા બાદ અમલદારોમાં કેબિનેટ સેક્રેટરીને એક મહીનાનાં ૨.૫ લાખ રૂપિયા પગાર મળે છે.

આ ઉપરાંત વરિષ્ઠ સરકારી અધિકારીઓને અલગ-અલગ પ્રકારનાં ભથ્થાઓ પણ આપવામાં આવે છે. ભારતનાં ચીફ જસ્ટિસ કે જે અન્ય બધા જ અધિકારીઓ કરતા ઉપરનો હોદ્દા પર હોય છે તેમનો માસિક પગાર ફક્ત એક લાખ રૂપિયા જ છે.

## જયપુરમાં લગ્ન સમારંભમાં વીજળીનું ટ્રાન્સફોર્મર ફાટતા ૧૪ના મોત

**જિલ્લા કલેક્ટરે ૧૦ લાખ રૂપિયાના વળતરની કરી જાહેરાત**



જયપુર,તા.૧

રાજસ્થાનના શાહપુરા મંગળવારે બપોરે લગ્ન સમારંભમાં ઓચિંતા વીજળીનું થ્રી ફેઝ ટ્રાન્સફોર્મર ફાટતાં ૧૪ લોકો માર્યા ગયા છે અને અન્ય ૨૪ લોકો દાઝી ગયા છે. મૃતકોમાં એક બાળા, એક બાળક અને ૬ મહિલાનો સમાવેશ થાય છે. દાઝી ગયેલા બધાને જયપુરની એસએમએસ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પરિવારવાળાઓના સ્વાગત સમારંભમાં દુર્ઘટના સર્જાઇ હતી. ટ્રાન્સફોર્મર ફાટતા તેમાંથી નીકળી રહેલા ગરમ ઓઈલથી મહિલાઓ દાઝી ગઇ હતી. જયપુરના જિલ્લા કલેકટરે મૃતકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયા સહાયની જાહેરાત કરી છે. બુધવારે સવારે કેન્દ્રીય મંત્રી અને જયપુર ગ્રામ્યના સાંસદ રાજ્યવર્ધન રાઠોડે અહીં મુલાકાત લીધી હતી.

જયપુર જિલ્લામાં શાહપુરાના ખાતોલાઈ ગામ નજીક ગુજરોં કી ઢાણીમાં ભૈરુરામ લોમડની બે દીકરીઓ તારા અને મીરાના લગ્ન ૩૧ ઓક્ટોબરના રોજ નક્કી થયા હતા. આ લગ્ન સમારંભ માટે ભૈરુરામના સાસરિ પક્ષના લોકો મંગળવારે બપોરે તેના ઘરે આવ્યા હતા. ભૈરૂરામની પત્ની કમલા તેના પિયર પક્ષના લોકોના સ્વાગતની તૈયારી કરતી હતી. આ દરમિયાન લોકો ભૈરૂરામના ઘરની ગેટની બહાર જઈને બેસી ગયા. થોડીવારમાં ભૈરુનાથના ઘરની પાસે આવેલું વીજળીનું ટ્રાન્સફોર્મર ફાટ્યું.

ટ્રાન્સફોર્મરનું ગરમ ઓઈલ ચારેબાજુ ફેલાઇ ગયું અને એક વીજળીનો તાર પણ તૂટીને જમીન પર પડ્યો. જેના કારણે ત્યાં ઉભેલા ૫ લોકોનું ઘટના સ્થળે જ મોત થયું. જ્યારે જયપુર જતી વખતે એક બાળકીનું મોત થયું.

જયપુરના જિલ્લા કલેકટરે ઘટના સ્થળે પહોંચીને દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયાના વળતર અને દુર્ઘટના માટે ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવવાની જાહેરાત કરી હતી. ઉપરાંત દોષિતોને સસ્પેન્ડ કરવામાં આવશે તેવું આશ્વાસન પણ આપ્યું હતું.

## જીએસટીના સ્લેબમાં ફેરફાર સાથે દર ઘટાડવાની સંભાવના

**સામાન્યરીતે ઉપયોગમાં આવતી ચીજો પર જીએસટી રેટ ઘટાડાશે : સૌથી ઊંચા ૨૮ ટકા રેટવાળા સ્લેબમાં ફેરવિચારણા થઇ શકે : જીએસટી રેટ ઘટાડવાથી કિંમતોમાં ઘટાડો થશે : નાના કારોબારીઓને હાલ થતી તકલીફોમાંથી બહાર કાઢવાનો ઉદ્દેશ્ય**

નવી દિલ્હી,તા. ૧

ઐતિહાસિક આર્થિક સુધારા જીએસટીને લઈને કેટલાક વર્ગોમાં નારાજગી પ્રવર્તી રહી છે. આ નારાજગીની નોધ લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે વધુ કેટલીક રાહત સામાન્ય લોકોને આપવા વિચારી રહી છે. મળેલી માહિતી મુજબ દરરોજ ઉપયોગમાં લેવામાં આવતી ચીજવસ્તુઓપર જીએસટીને ઘટાડી દેવા માટે સક્રિય રીતે વિચારણા ચાલી રહી છે. જીએસટી હેઠળ સૌથી ઉંચા ૨૮ ટકાના રેટવાળા સ્લેબ પર નવેસરથી વિચારણા કરવામાં આવી શકે છે. આ ઉપરાંત સામાન્ય રીતે ઉપયોગ કરવામાં આવતી ચીજવસ્તુઓ પર ટેક્સ રેટમાં ઘટાડો કરવા પર વિચારણા કરવામાં આવી શકે છે. સરકારની અંદર રહેલા કેટલાક લોકો આ દિશામાં પગલા લેવા માટે સરકારને કહી રહ્યા છે. જો આ દિશામાં પગલા લેવામાં આવશે તો કેટલીક ચીજવસ્તુઓની કિંમતમનાં વધુ ઘટાડો થશે અને સામાન્ય લોકોને તીવ્ર મોંઘવારીથી રાહત મળશે. હાલમાં ઉંચા જીએસટી રેટના કારણે કેટલીક ચીજવસ્તુઓના ભાવ વધેલા છે. આના કારણે તેમની માંગ વધી શકે છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડ્સ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશને ઉદ્યોગ અને ખાસ કરીને નાના કારોબારીઓને મોટી રાહત આપવા વિચારણા ચાલી રહી છે. નાના કારોબારીઓને રોજગારીની વધારે તક આપનાર તરીકે ગણવામાં આવેછે.

## જયપુર મનપામાં રાષ્ટ્રગાન ફરજિયાત

**મેયરે કહ્યું, જેને મુશ્કેલી હોય તે પાકિસ્તાન જતા રહે**

જયપુર,તા.૧

જયપુર નગર પાલિકાએ પોતાના કર્મચારીઓને દરરોજ સવારે રાષ્ટ્રગાન અને સાંજે રાષ્ટ્રગીત ગાવાનો આદેશ કર્યો છે. નગર પાલિકાનું કહેવું છે કે, રાષ્ટ્રગીત ગાવાથી પાલિકાના કર્મચારીઓમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થશે અને દેશભક્તિની ભાવના જાગશે. નગર પાલિકાના આ નિર્ણય બાદ જયપુરના મેયર અશોક લાહાટીએ કહ્યું કે જેને રાષ્ટ્રગાનથી પેરશાની હોય તો તે પાકિસ્તાન જતા રહે, મેયરને કહ્યું કે, 'જે દેશમાં રહો છો, તે દેશના રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીતનો વિરોધ કરવું હોય તો કરો, તેના માટે ના નથી, પછી પાકિસ્તાન જતાં રહેજો.

આ નિર્દેશ સોમવારે જાહેર કર્યો હતો, જેમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓને મંગળવારે સવારે ૯.૫૦ વાગ્યે રાષ્ટ્રગાન અને સાંજે ૫.૫૫ વાગ્યે રાષ્ટ્રગીત ગાવું ફરજિયાત કરી દીધું છે.

## મધ્યપ્રદેશમાં ભીરંગી રેલવે સ્ટેશન પાસે ટ્રેન પાટા ઉપરથી ખડી પડી

ભોપાલ,તા.૧

મધ્યપ્રદેશમાં ફરી એક ટ્રેન ડીરેલ થઈ જવાની ઘટના સામે આવી છે. મધ્યપ્રધેના ભીરંગી રેલવે સ્ટેશન નજીક હરદા પાસે માલાસામાન લઈ જતી ટ્રેન પાટા ઉપરથી ખડી પડી હતી. હજુ સુધી જાનમાનની હાનીના કોઈ સમાચાર આવ્યા નથી. ટ્રેનને યથાવત્ કરવા માટે યુધ્ધના ધોરણે પાટાઓનું સમારકામ શરૂ કરી દેવાયુ છે. છેલ્લા કેટલાક સમયથી ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાં ટ્રેન ખડી પડવાની ઘટનાઓએ માઝા મૂકી છે. તેમ છતા રેલ તંત્રની ઘોર બેદરકારીઓ સામે આવ્યા જ કરે છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

AUDITION IN GANDHINAGAR - 3rd NOV. 2017
દરેક સ્પર્ધક માટે ગેરંટેડ ગીફ્ટ
Sa Re Ga Ma GUJARAT
લાખોના ઈનામોની વણજાર
સમય સવારે ૯ થી ૫
ઓડીશનનું સ્થળ
"સ્મીત મ્યુઝિક સ્ટુડીયો" બી-૧૩, બીસનેસ પાર્ક, પીડીપીયુ રોડ, રાયસણ, ગાંધીનગર.
ઓપન ગુજરાત સિંગિંગ કોમ્પિટિશન
નવા ટેલેન્ટની શોધમાં
Age Group : 5 to 14 - 15 to 30 31 to 60 - 60 +
સફળ વિજેતાઓ માટે મ્યુઝિક / વિડિયો આલ્બમમાં તથા ગુજરાતી ફિલ્મમાં પ્લેબેક સીંગર તરીકે ગાવાની તક
ઓડીશનના દિવસે ફોર્મ સ્વીકારવામાં આવશે.
Audition in GANDHINAGAR AHMEDABAD BARODA SURAT RAJKOT BHAVNAGAR GANDHIDHAM
saregamagujarat
For more details 7096 00 7096
For Online Registration : http://go4ticket.in/sa-re-ga-ma-gujarat/